# રેકિ વિદ્યા નિકેતન

વોલ્યુમ ૪ અંક ૧૦ ઓક્ટોબર ૨૦૧૨

રેકિ વિદ્યાનિકેતન
શ્રી સ્વામી સમર્થ મઠ
દેવરૂખ કાટવલી માર્ગ
તા. સંગમેશ્વર
જી. રત્નાગિરિ
મહારાષ્ટ્ર ભારત.

## આ અંક અંતર્ગત :

આધ્યાત્મિક ઉન્નતિની નિશાનીઓ : એક નવો પડકાર ૧
અતિરશ્રમ વૈજ્ઞાનીક નિરીક્ષણ ૨
ચીરોકી ૩
અગ્નિહોયત્ર યજ્ઞનો એક સુંદર અનુભવ ૪
નિશ્ચિંત જા, હું ત્યાં છું ૫
તું, કેવળ તું જ છે અસ્તિત્વમાં ૬
દેવરૂખ આશ્રમમાં ગણેશોત્સવ ૭
ગુરુજીની યુએસની યાત્રા ૭
આશ્રમજ્ઞાન - રેકી સેમિનારનું સમયપત્રક ૮

## આધ્યાત્મિક ઉન્નતિની નિશાનીઓ : એક નવો પડકાર

આપણા રેકિ ફોરમમાં ઘણા સમયથી આપણે એસેન્શન (આધ્યાત્મિક ઉન્નતિ) વિશે વાતો કરીએ છીએ. આ ચર્ચા ૨૦૧૨ની સમીપ આવતા વધી ગઇ છે. મેં આ ચર્ચાઓમાં સક્રિય ભાગ નથી લીધો કારણ કે હું માનું છું કે જે વિષય પર તમને પૂર્ણ જ્ઞાન ન હોય તેના વિશે વાત કરીને લોકોના મનમાં ગૂંચવડો પેદા ન કરવો જોઇએ. એટલે છેલ્લા કેટલાક વર્ષોથી હું આ મુદ્દાને થોડો દૂર રાખતો હતો.

પણ હમણા અચાનક કેટલાક મહિનાઓ પહેલા મને ધ્યાનમાં કેટલીક અંતઃસ્ફૂર્ણા થઇ જે એ દર્શાવતી હતી કે વ્યક્તિગત ચેતનાની ઉન્નતિ એ માત્ર એક કલ્પના નથી પણ હકીકત છે. મને બોધ થયો કે આધ્યાત્મિક ઉન્નતિની શરૂઆત તો ૧૯૮૦ થી થઇ ચુકી છે જ્યારે મનુષ્યના ડીએનએના બંધારણમાં ફેરફાર થયો છે. મેં આ વિશે વર્ષો પહેલા મારી એક સ્નેહી પાસેથી સાંભળેલું હતું જે આ વિષયની નિષ્ણાંત હતી. તેણે કહેલું કે દર ૨૬,૦૦૦ વર્ષ પછી મનુષ્યના ડીએનએનું બંધારણ ફરે છે. મારી અંતઃસ્ફૂર્ણાએ મને સંમતિ આપી અને મને આ વિશે ઊંડાણમાં માહિતી મળી. ના, આને નૈસર્ગીક આપત્તિઓ સાથે કોઇ લેવા દેવા ન હતી. જેના વિશે ઘણા લોકો એ અનુમાન લગાવ્યું છે, આ જ્ઞાન મનુષ્યની પેઢી જે ૧૯૮૦ પછી જન્મી છે તેના વિશે છે. આ ખૂબ જ સ્પષ્ટ સંદેશો હતો કે ૧૯૮૦ પછી જન્મેલા બાળકો ૧૯૮૦ પહેલા જન્મેલા બાળકોથી ખૂબ અલગ હતા. તેમની બધી વાત અલગ હતી. તેમની મનોસ્થિતિ , તેમનું ભાવનાત્મક બંધારણ , તેમની બુદ્ધિનો આંક અને તેમનું શારીરિક બંધારણ. આ આશ્ચર્યજનક હતું. મેં આના વિશે સંશોધન કરવાનું ચાલુ કર્યું અને તરત જ એવા વાલીઓને મળ્યો, બાળકોને મળ્યો જે ૧૯૮૦ પછી જન્મ્યા હતા. અને ઘણા શિક્ષકોને મળ્યો અને આ વિષય પર પૂછપરછ કરી અને બધાને આ વાત સાચી લાગી. મારા આશ્ચર્યનો પાર ના રહ્યો જ્યારે દરેક લક્ષણ જેની મને સ્ફૂર્ણા થઇ હતી તે વાસ્તિવિક દુનિયામાં આજે જે કંઇ બની રહ્યું છે તેનાથી ઘણી નજીક હતી. મેં જ્યારે વાલીઓ સાથે ચર્ચા કરી ત્યારે તેઓ વિસ્મય પામી ગયા કારણકે તેમના બાળકો વિશે આવો વિચાર તેમને કદી આવ્યો ન હતો. તેમને તરત જ ધ્યાનમાં આવ્યું કે તેમની નિરાશા, તેમની ઉદાસીનતા અને તેમને લગતી બધી વાતો જે તેઓ તેમના બાળકો સાથેના સંબંધોમાં અનુભવતા હતા, જ્યારે હું આ વાત કરતો ત્યારે આના વિશે વધુ જાણવા મારી પાછળ લોકો આવવા લાગ્યા. રેકિ હિલીંગ માટે જે યુવાન રોગીઓ આવતા તેમનામાં પણ હું આ જ લક્ષણો જોઇ શકતો હતો. મને સમજાયું કે જ્યારે આ પેઢી બિમાર પડે છે ત્યારે આપણી પેઢી કરતા તેમની બિમારીઓ ઘણી ઊંડાણભરી હોય છે. મોટા ભાગના દાખલાઓમાં હું જોઇ રહ્યો છું કે જે પેશન્ટ ૧૯૮૦ પછી જન્મેલા હોય છે. તેઓની બિમારીઓ ડૉક્ટર સમજી શકતા નથી. ડૉક્ટર પાસે કોઇ માર્ગદર્શન નથી. અને તેઓ નિઃસહાય હોય છે. કદાચ તેમને એ સમજાતું નથી કે આ લોકો માટે મેડિકલ સાયન્સે ફરી સંશોધન કરવું પડશે. માત્ર આ જ નહિ, બધી જાતના વિજ્ઞાનને પુનઃસ્થાપિત કરવું પડશે. સમાજની વ્યવસ્થાને બદલવી પડશે. અને આ એક બહુ મોટો પડકાર છે.

**અજીત સર**

જ્યારે આપણે નિરીક્ષણ કરીએ છીએ ત્યારે આપણે શાંતિની સ્થિતિ પર પહોંચી જઇએ છીએ જે આપણી આત્માની ચેતના ને જાગૃત કરે છે, જ્યારે તે જાગૃત થાય છે ત્યારે આપણે તેની સાથે સંવાદિતા સાધીએ છીએ. આપણે તેને ધારણ કરીને ફરી આત્માની ચેતના પર જીવવા લાગીએ છીએ. આપણે ખરેખર સમય થી પર થઇ જઇએ છીએ.

# અતિરથ્રમમાં વૈજ્ઞાનિક નિરીક્ષણ

ઘણા વૈજ્ઞાનિકોના સંશોધન જે આજે આપણી પાસે છે તે દર્શાવે છે કે એપ્રિલ ૨૦૧૧માં ૪૦૦૦ વર્ષ જુની વિધી દ્વારા કરવામાં આવેલ યજ્ઞથી કેરલના એક નાના એવા ગામમાં ઘણા સકારાત્મક ફેરફારો હવામાનમાં, જમીનમાં અને બીજા ઘણા ફેરફારો પર્યાવરણમાં જોવા મળ્યા હતા.

૪ એપ્રિલ, ૨૦૧૧ ના ત્રિશૂર પંજલ ગામમાં કરેલું “અતિરથ્રમ” યજ્ઞ વૈજ્ઞાનિકોની ટુકડીના અભ્યાસનું કેન્દ્ર બિંદુ હતું. આ ટુકડીના અધ્યક્ષ હતા પ્રો. વિ.પી.એન. નામપુરી, જેઓ ઇન્ટરનેશનલ સ્કૂલ ઓફ ફોટોનિક્સ, કોચીન યુનીવર્સીટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના પૂરવોક્ત નિયામક હતા. વૈજ્ઞાનિકોના અભ્યાસનું કેન્દ્ર એવા આ યજ્ઞના વૈજ્ઞાનિક પાસાઓ હતા અને તેના થકી થતા હવામાન , જમીન, જીવ-જંતુ અને વાતાવરણમાં થતી અસર હતી. આ યજ્ઞનું આયોજન કરનાર વરથાતે ટ્રસ્ટે જણાવ્યું હતું કે આ યજ્ઞ દ્વારા બીજના અંકુરણની પ્રક્રિયા જલ્દી થવા લાગી અને સુક્ષ્મ જંતુઓનું અસ્તિત્વ હવા, પાણી અને જમીનની અંદર અને યજ્ઞની આજુબાજુના ભાગમાં ખૂબ પ્રમાણમાં નાશ પામ્યું હતું. આ ટુકડીના સભ્યોએ યજ્ઞશાળાની ચારેબાજુ ૩ પ્રકારના બીજ સૂકા વટાણા, કાળા ચણા અને બંગાળી ચણાના છોડ થોડા થોડા અંતરે વાવ્યા હતા. તે લોકો એ અનુભવ્યું કે જે છોડ યજ્ઞકુંડની આજુબાજુ હતા તેનો વિકાસ બીજા છોડ કરતા ઘણો સારો હતો.

સંશોધન કહે છે કે આની અસર બંગાળી ચણા પર ખૂબ જ સરસ જોવા મળી. જેનો વિકાસ બીજા સ્થળે વાવેલા છોડ કરતાં ૨૦૦૦ ગણો વધારે જોવા મળ્યો. નામપૂરીના કહેવા મુજબ, ધ્વનિ એ સ્પંદન છે અને મંત્રોચાર દ્વારા ઘડાતા સતત સકારાત્મક સ્પંદનો બીજના અંકુરણની પ્રક્રિયાને ત્વરિત બનાવે છે.

નામપૂરી કહે છે કે, “આ સંશોધનના પરીણામોએ માત્ર વૈદિક પધ્ધતિથી કરવામાં આવતી વિધીઓ અંધશ્રધ્ધાથી ભરેલી રીતિ નથી એ સિધ્ધ નથી કર્યું પણ આદિકાળથી કરવામાં આવતી રીતિઓથી નિસર્ગ અને વાતાવરણને કેવી રીતે આપણે શુદ્ધ કરતા એ પણ દર્શાવ્યું છે.”

એમણે એ પણ ઉમેર્યુ કે આ સંશોધનનો ઊંડાણમાં અભ્યાસ કર્યો ત્યારે એ પણ ખબર પડી કે આ યજ્ઞ દ્વારા ઉત્પન્ન થતા વાતાવરણના તરંગો જીવન પ્રક્રિયાને ઝડપી કરવામાં સક્ષમ હતા. જેની અસર બંગાળી ચણા પર જોવા મળી. આ અભ્યાસમાં મુખ્ય કેન્દ્ર હતું અલગ અલગ જગ્યા પર સુક્ષ્મ જંતુઓનો ઉપનિવેશ - યજ્ઞશાળાની અંદર, ૫૦૦ મીટર અને ૧.૫ કિ.મી ના યજ્ઞશાળાથી દૂરના અંતરે સુક્ષ્મ નિરીક્ષણ યજ્ઞની પહેલા , યજ્ઞ વખતે અને યજ્ઞ પછી ચાર દિવસે એ દર્શાવ્યું કે યજ્ઞશાળાની આજુબાજુની હવા ખૂબ જ શુદ્ધ હતી અને વાતાવરણમાં રહેતા સૂક્ષ્મ જીવાણુંની માત્રા ખૂબ જ ઓછી હતી.

સંશોધક ટુકડીએ એ પણ શોધ્યુ કે સુક્ષ્મ જીવાણુની ગતિવિધીઓ યજ્ઞશાળાની આજુબાજુની જમીન અને પાણીમાં બીજા સ્થાન કરતા ઘણી ઓછી હતી. “અતિરથ્રમ” યજ્ઞ જે શાબ્દીક અર્થમાં “યજ્ઞ કુંડ બાંધીને યજ્ઞ કરવો” એ સૂચવે છે. અને સામાન્યપણે વૈશ્વિક શાંતિ અને સંવાદિતા સાધવાનું સાધન છે. તે સર્વપ્રથમ ૩૫ વર્ષ પહેલા યુએસ ઈન્ડોલોજીસ્ટ ફ્રિત્સ સ્ટાલે કર્યું હતું.

સ્ટાલે જે અત્યારે માનનીય ભૂતપૂર્વ પ્રાધ્યાપક છે ફિલોસોફીના સાઉથ અને સાઉથ એશીયન સ્ટડીસ્, યુનીવર્સીટી ઓફ કેલીફોર્નીયા, બર્કલી, ૧૯૭૫માં આ વિધીનું આયોજન અને તેનું પૂર્ણ રેકોર્ડીંગ હાર્વડ યુનીવર્સીટી, બર્કલી અને ફિનલેન્ડની હેલસિન્ડી યુનીવર્સીટીની આર્થીક સહાય અને દાન દ્વારા કર્યું હતું.

સંશોધકોની ટુકડીએ ૧૯૧૮ માં યજ્ઞકુંડની આજુબાજુમાં વિવિધ ચકાસણી કરી હતી અને ૧૯૫૬માં અતિરથ્રમમાં નમ્બુથીરીના ઘરોનાં પાછળના ભાગની ઈંટો આજે પણ સુક્ષ્મ જીવાણું થી મુક્ત છે.

સંશોધકોનું કહેવું છે કે,“ આ એ દર્શાવે છે કે આ યજ્ઞની અસર લાંબા સમય સુધી રહે છે. અભ્યાસ હજી ચાલુ છે એ શોધવા માટે કે વાતાવરણમાં થતા સકારાત્મક ફેરફારો ક્ષણીક છે કે પછી કાયમી છે.

પ્રોફેસર એ.કે. સક્સેના, હેડ ઓફ ફોટોનીક્સ ડીવીઝન, ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ એસ્ટ્રોફીઝક્સ બેંગ્લોર, દ્વારા કરવામાં આવેલા એક પરીક્ષણ - જેમાં પ્રવર્ગયમાંથી નીકળેલી જ્વાળાના તાપમાનના અલગ અલગ પાસાઓ વિશે જાણવામાં આવ્યું હતું. તેમણે તે જાણ્યુ કે યજ્ઞમાંથી ઉત્પન્ન થતા આગના ગોળાની તરંગ લંબાઇ ખૂબ તીવ્ર હતી જે ૩૮૭૦ કી. સેન્ટીગ્રેડ વાળા લેઝર બીમની સમકક્ષ જોવામાં આવી છે.

આ કદાચ આટલા તરંગ લંબાઈથી થતું સ્ટીમુલેટેડ એમીશન (૭૦૦ nm) હોય અને પ્લાઝમાં ના સંયોજનથી થતું હોય જેનું ઊંડાણ ભર્યો અભ્યાસ જરૂરી છે.

પંજલમાં થતાં “અતિરથ્રમ-૨૦૧૧” માં વિવિધ શાખાઓથી નિષ્ણાંતો આવ્યા હતા. જેમાં ડૉ.રાજલક્ષ્મી સબ્રમણ્યમ(કુસાત), ડૉ. પાર્વતી મેનન (એમ.જી. કોલેજ, થીરુપંથનન્પુરમ), ડૉ. માયા આર.નાયર(પટ્ટાંબી ગવર્મેન્ટ કોલેજ) , પ્રો. સક્સેના (ઈન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ એસ્ટ્રોફીઝીક્સ, બેંગ્લોર) અને પ્રો. રાવ (આંધ્ર યુનીવર્સીટી) નો સમાવેશ થાય છે. આ વૈજ્ઞાનિક ટુકડીને ઝરીના (રીસર્ચ સ્કોલર, કુસાત), રામકુમાર(બાયોટેકનોલોજીસ્ટ), અસુલભા (બાયોટેકનોલોજીસ્ટ) અને બીજા ઘણા પોસ્ટગ્રેજ્યુએટ, ગ્રેજ્યુએટ અને શાળાના બાળકોએ ટેકો આપ્યો હતો.

## “ચિરોકી” - મી.બી.પટેલ દ્વારા

શું તમને ખબર છે ચિરોકી ઈન્ડીયન યુવાન પરિપક્વતા કેવી રીતે મેળવે છે ?

તેના પિતા તેને જંગલમાં લઈ જાય છે. આંખો પર પાટા બાંધીને અને તેને ત્યાં એકલો મુકી દે છે. તેને ત્યાં એકલું બેસવું પડે છે. આખી રાત પાટા બાંધીને સવાર સુધી. તે કોઈની મદદ પણ માંગી શકતો નથી.

અગર તે રાત કાઢી નાખે તો તે પુરુષ બની જાય છે. તે તેનો અનુભવ બીજાને કહી પણ ના શકે કારણકે દરેક યુવાને પુરુષ તેની ક્ષમતા ઉપર જ થવું પડે.

છોકરો સ્વાભાવિક છે કે ભયભીત થઈ જાય. તેને વિવિધ પ્રકારના અવાજો સંભાળાય. જંગલી પશુઓ તેની આજુબાજુ હશે જ. કદાચ કોઇ મનુષ્ય પણ તેને હાનિ પહોંચાડી શકે છે.

ઠંડી હવા જ્યારે ઘાસમાંથી થઈને પૃથ્વી સુધી વહેતી હશે ત્યારે તેનું આસન ડગમગી જતુ હશે પણ તે આંખો પર પાટા બાંધીને બેઠો રહે છે. આ જ રીતે તે યુવાનમાંથી પુરુષ બની શકે છે.

અંતે ભયાનક કાળી રાત્રીનો અંત થાય છે અને સૂરજનું પહેલી કિરણ પૃથ્વી પર પડે છે ત્યારે તે તેની આંખો પરની પટ્ટી ખોલે છે.

ત્યારે તેને ખબર પડે છે કે તેના પિતા તેની બાજુના જ આસન પર બેઠા હોય છે.

એ આખી રાત તેના પુત્રની સુરક્ષા માટે બેઠા હોય છે.

આપણે પણ કોઈ દિવસ એકલા નથી હોતા. આપણે નથી જાણતા હોતા કે ભગવાનનું ધ્યાન આપણા ઉપર છે, તે આપણી બાજુમાં જ બેઠા છે.

જ્યારે મુસીબત આવે ત્યારે આપણે એટલું જ કરવાનું છે કે તેઓની સાથે જોડાયેલું રહેવાનું છે.

**આ કથાનો સાર :-**

ફક્ત આપણે ભગવાનને જોઇ શકતા નથી તેનો મતલબ એ નથી કે એ ત્યાં નથી.
“આપણે શ્રધ્ધાથી ચાલીએ છીએ, જોવાથી નહીં”.

**“તમે કોઈ કાર્ય ચાલુ કરો તેની પહેલા પોતાની જાતને ત્રણ પશ્ન પુછો - હું આ શું કામ કરી રહ્યો છું ? આનાથી શું પરિણામ આવશે ? અને શું આ કરવાથી મને સફળતા મળશે ? અને જ્યારે તમને ગંભીરતાથી વિચારીને આ પ્રશ્નોના સંતોષકારક જવાબ મળે, તો આગળ વધો.”**

**-આચાર્ય ચાણક્ય**

# "અગ્નિહોત્ર યજ્ઞનો એક સુંદર અનુભવ હોંગકોંગમાં"



પ્રિય રાકેશ,

આ ચિત્ર સ્વામીની સાઇટ ઉપર ત્વરિત આવી ગયું. એટલે અહીં હું તને મારો યજ્ઞમાં દેખાયેલા સ્વામીનો અનુભવ વર્ણવું છું.

ઘણા અઠવાડિયાથી અગ્નિહોત્ર કરવાથી અગ્નિએ મારા મનમાં એક પ્રધાન સ્થાન પ્રાપ્ત કર્યું છે. રાત્રે પણ જ્યારે હું સુવા માટે આંખો બંધ કરું છું ત્યારે હું તુરિયા અવસ્થામાં જતી રહું છું. મારુ ત્રીજુ નયન ખુલી જાય છે. અને મને ઘણા દ્રશ્ય દેખાય છે.

તે જ્વાળાઓ અનંત અવિનાશી દિવ્ય શક્તિનું ધ્યાન કરાવે છે. જે સર્વવ્યાપી છે અને અંતર્યામી છે.

યજ્ઞની જ્વાળાઓમાંથી મેઘધનુષી રંગોનો લાંબો, પ્રગાઢ અને ફરતો પ્રકાશ દેખાય છે. એ ડબલ ટોરસ મોડયુલ જેવું દેખાતું હતું. હાલમાં હું એ મારા શરીરમાંથી નીકળતું જોઇ શકુ છું. કારણ કે મારું શરીર હવે શાશ્વત પ્રકાશ અને સત્ય સાથે ઐક્ય સાધી રહયું છે.

ગઇ રાત્રે, જ્યો હું સૂવા જતી હતી ત્યારે એક જ્યોત મને દેખાઇ. તે જ્યોતની અંદર મને સ્વામી દેખાયા. તેઓ મારી સામે જોતા હતા અને પછી મારા અંર્તમન દ્વારા વાત કરવા લાગ્યા. પછી તેમની અંદરથી મેઘધનુષના રંગો જેવા કિરણ નિકળવા લાગ્યા અને તેમાંથી એક મોટું પિરામીડ થઇ ગયું જે મોટું થતું થતું મારા ઘરથી લઇને મારા આખા વિસ્તારને સમાવી લે એટલું મોટું થઇ ગયું.

સ્વામીના મોઢા પર માર્મિક હાસ્ય હતું. પછી એમણે મને દેખાડયું કે એ એમના વિશાળ રૂપમાંથી સામાન્ય માણસ જેવું રૂપ લઇ શકે છે અને તેઓ કોઇપણ આકાર અને રૂપ લઇને મારી સમક્ષ આવતા હોય છે.

પણ હવે આ મેઘધનુષી પિરામીડનો પ્રકાશ એટલો તેજસ્વી થઇ ગયો હતો કે મારે તેમને કહવું પડયું કે ," મને ડરાવો નહી".

હું એક સંસ્થા સાથે ૪ વર્ષથી જોડાયેલી છું અને તેને ખૂબ જ આત્યંતિકતાથી મને મારે આ સંસ્થાના સંચાલકો સાથે વિવાદ સર્જાયા છે. ત્યાંના ગુરુ ખૂબ જ મોંઘી યાત્રા જેને તેઓ "લાઇટ બોડી પિલીગ્રીમેજ ટુ ઇન્ડીયા" કહે છે. તેમાં લઇ જાય છે. અગ્નિહોત્ર કર્યા બાદ મને ગ્રુપની અનૈતિક માર્કેટીંગની સ્ટ્રેટજીઓ ગમતી નથી. આ સંવાદીતાને લગતું છે. હું એમ નથી કહેતી કે આ સાચું છે કે ખોટું કારણકે તેઓ એક ચોક્કસ સમુહને સેવા આપે છે. આ યાત્રા દરમ્યાન તેઓ વિશેષ મંત્રો અને શક્તિશાળી દિક્ષા જે પ્રકાશ શરીર માટે જરૂરી છે તેનું વચન આપે છે. ( આ વર્ગ વર્ષનો હોય છે.) પણ હું આ કોર્સમાં ભાગ નથી લેતી કારણ કે હું મારા અંતરના અવાજનું સાંભળવાનું પસંદ કરું છું.

એટલે મે મેઘધનુષી પ્રિઝમમાં દેખાતા સ્વામીને પુછયું," શું મને પ્રકાશ શરીર મળશે જો હું આ યાત્રામાં જવાનું ટાળું ?"

તેઓ મારી સામે જુએ છે. તેમની તીક્ષણ નજરથી અને મને કહે છે," અમે ( એટલે તેઓ અને બીજા ઋષિઓ) તને પ્રકાશ શરીર હમણા જ આપીએ છિએ. તને શું લાગે છે તું અત્યાર સુધી શું કરતી હતી?"

સપ્રેમ
સાવિત્રી

# " નિશ્ચિંત જા, હું ત્યાં છું "

સૌથી મોટો અને કદાચ સૌથી લાંબો વિવાદ આ દુનિયામાં એ જ છે કે ખરેખર ભગવાન છે કે નહીં. આ વિવાદ આદિ કાળથી ચાલતો આવ્યો છે. માનવતા આ બાબતમાં હજી પણ અસમંજસમાં પડી છે. આધુનિક વિજ્ઞાન જે કદી ભગવાનની કલ્પનાને સ્વીકારતું નહતું તે આજે એવા સ્તર પર પહોંચ્યું છે જ્યાં તેઓ ભગવાનના કણ (God Particle) ની શોધ કરે છે. ખરી રીતે તો દરેકે આનો જવાબ આ પ્રક્રિયાનો અનુભવ લઇને શોધવો જોઇએ. ખરેખર આ બહુ જ મુશ્કેલ છે અને જાણવું અને તેનું પૂર્વાનુમાન લગાવવું કે ક્યાં અને ક્યારે કોઇને જીવનના પથ પર આવી તક મળે. અહીં હું મારો અનુભવ વર્ણવું છું કે મને જીવનમાં આનો જવાબ કેવી રીતે મળ્યો.




મેં ૧૯૯૭માં રેકિ શીખડાવવાનું ચાલુ કર્યું અને સ્વામીના આર્શીવાદથી રેકિ પરિવાર વિકસતો ગયો. એક નાનું બીજ જે એક સમયે રોપેલું હતું તે આજે વટવૃક્ષ બની ગયું છે. ટૂંક સમયમાં જ દેવરૂખની ચેતના દૂર દૂર સુધી પહોંચવા માંડી. ભારતભરમાં કેરલથી દિલ્હી સુધી અને ગોવાથી ચેન્નઇ સુધી. અમે એક રેકિ સેમીનાર ૨૦૦૨માં ચેન્નઇથી ૨૫ કિ.મી દૂર ઉત્થંડીમાં આવેલ સંવીત સાગર આશ્રમમાં કરેલો હતો. ત્યાંના મુખ્ય સન્યાસી સ્વામી ક્રિયાનંદ ત્યાં મારી પાસે રેકિ શીખ્યા અને પછી તેઓએ મારી સમક્ષ પ્રસ્તાવ મુક્યો, " મારી સાથે અમેરિકા આવો , ત્યાં તમારી બહુ જરૂર છે." મેં તેમને તરત જ "ના" કહી કારણ કે મને મારા બાળપણ થી લઇને અત્યાર સુધી કદી પણ અમેરીકાની આકર્ષક દુનિયામાં રસ ન હતો. મને ભારતમાં જ ઘણું કામ કરવાની જરૂર લાગતી હતી. તે વિચાર અને તે વિષય ત્યાં જ મૃત્યુ પામ્યો હતો. ત્યાર પછી મારી સાધક જે ચેન્નઇમાં રહેતી હતી અને યુએસએમાં સ્થાયી થઇ હતી તેણે મને યુએસએ આવવાની વિનંતી કરી. તેણે ખૂબ જ આત્યંતિકતાથી મને વિનંતી કરી. અને અંતમાં તેણે જુલાઇ ૨૦૦૪માં મારી યુએસની યાત્રાની તૈયારી કરી. હું જૂનના મધ્ય દિવસો સુધી આ મુદ્દાને ધ્યાનમાં લેતો ન હતો. કારણ કે મને ખાતરી ન હતી કે જવું જોઇએ કે નહીં. અંતે ૧૫ જૂનનાં મે તેને કહ્યું કે મારી યુએસની યાત્રા વિષે હું તેને થોડા દિવસોમાં નક્કી કરીને કહીશ. તે દિવસે એક અજાણ્યો માણસ મારી પાસે આવ્યો અને મને કહ્યું કે હું જલગાંવથી આવ્યો છું. જે મુંબઇથી ઘણું દૂર છે. તેને કહ્યું કે તેને કોઇએ કહ્યું હતું કે હું સારું હિલીંગ કરું છું એટલ તે મારી પાસે તેની પત્ની માટે મદદ માગવા આવ્યા હતો. મે તેને સ્પષ્ટ કર્યું કે હું કોઇ પ્રોફેશનલ ડૉક્ટર નથી પણ મને લાગ્યું કે રેકિથી તેનું સ્વાસ્થ્ય પાછું મળી શકશે. પણ દુર્ભાગ્યવશ જલગાંવમાં એવું કોઇ ન હતું મારી જાણમાં જેણે રેકિ શીખી હોય અને જેની પાસે હું તેને મોકલી શકું. છતાંયે મેં તેને કહ્યું કે જલગાંવમાં તેને કોઇ રેકિ હિલર મળશે. મેં તેને સ્વામીને પ્રાર્થના કરવાનું પણ કહ્યું. તે માણસ જવા માટે તૈયાર થયો અને ઘરના દરવાજાથી પાછો ફર્યો. તેને તેના ખીસ્સામાંથી એક નાનું કેલેન્ડર કાર્ડ કાઢયું અને મને હાથમાં આપ્યું. અને પછી જતો રહ્યો. મેં તે કાર્ડને જોયું. મને ખબર પડી કે તેમાં સ્વામી સમર્થની દેવી રૂપનું ચિત્ર હતું. અને તેની નીચે કંઇક લખેલું હતું. મેં જ્યારે તે વાચ્યું ત્યારે મને ખૂબ જ આશ્ચર્ય થયું. "નિશ્ચિત જા, હું ત્યાં છું" મેં આજ સુધી આ શબ્દો કદી સ્વામી સમર્થના ફોટ પર જોયા ન હતા. મેં ઘણા સ્વામીના અલગ અલગ રૂપના ફોટા , ચિત્ર જોયા છે. સામાન્ય રીતે આવું લખેલું હોય છે "તું ડર નહીં, હું તારી પાછળ છું" એટલા માટે જ્યારે મેં તે શબ્દ વાંચ્યાં તે મને કંઇક વિશેષ લાગ્યા. તે શબ્દો એ મને મારો જવાબ આપ્યો જેને મેળવવા હું વ્યાકૂળ હતો. આ મારા માટે સ્પષ્ટ આદેશ હતો. મેં તરત જ મારી યુએસએમાં રહેતી સાધકને ફોન કર્યો અને મારી યાત્રા નક્કી કરી. રેકિના વટવૃક્ષનું બીજ અંતે ત્યાં રોપવામાં આવ્યું. ( હું તે ચિત્રને અહીં દર્શાવું છું જે મેં ખૂબજ કાળજીપૂર્વક સંગ્રહીત કર્યું છે ) જેથી બીજા જોઇ શકે.

અજીત સર

## " તું, કેવળ તું જ છે અસ્તિત્વમાં " -રાકેશ ઠાકર

પ્રણામ ગુરુજી,

મેં આ સુંદર કવિતા વાંચી જે એક જર્મન કવિ - રિલ્કે એ લખી છે અને હું મારી જાતને રોકી ન શકયો તમને મોકલવા માટે.

**તું**
**કેવળ તું જ છે અસ્તિત્વમાં**
**અમે તો અંતમાં જતા રહેવાના,**
**પણ તારું જવું પણ એટલું ભવ્ય છે**
**કે તું ઉદ્‌ભવે છે**
**સુંદર પળોમાં,**
**તારી બધી ત્વરિતતામાં,**
**પ્રેમની ઉર્મીઓમાં**
**કે પછી આનંદની લહેરોમાં**
**જ્યારે કામ સંક્ષેપમાં થાય છે.**

**હું તારો છું.**
**પણ સમય મને વિખેરી નાખશે.**
**તારાથી તારા સુધી**
**હું તને અનુસરું છું.**
**બધાની**
**વચ્ચે સંજોગનો હાર લટકે છે**
**પણ જો તું ઉપર ને ઉપર લઇ જઇશ**
**તો**
**બધું જ ઉત્સવ બની જશે !!**

અમને એ જણાવતા આનંદ થાય છે કે અમે હવે ૧૬ ઓકટોબરથી મરાઠી સમાયિક રેકિ બ્રહ્મા ચાલુ કરીએ છીએ. આ અંકની પ્રિન્ટેડ આવૃત્તિ દર મહિને આવશે. મહારાષ્ટ્રમાં અને અન્ય રાજ્યમાં વસતા મરાઠી બોલતા સાધકો ની એવી માંગણી હતી કે આપણે મરાઠી સામાયિક હોવું જોઇએ. કારણ કે ઘણા લોકો અંગ્રેજીમાં લખાણનો મર્મ સમજી શકતા નથી અને ઘણા લોકો પાસે ઇન્ટરનેટની સુવિધા નથી. હકિકત એ છે કે આપણા ૨૫૦૦૦ સાધકોમાંથી માત્ર ૨૦૦૦ સાધકો આપણા રેકિબ્રહ્મા ગુગલ ઇ-ગ્રુપ (reikibrahma@googlegroups.com) માં રજીસ્ટર્ડ છે. આથી ઘણા સાધકો આપણા સંપર્ક ક્ષેત્રની બહાર રહી જાય છે. આ માસિકને શરૂ કરવાથી આ જરૂરીયાત આપણે પૂરી કરીએ છીએ. માનનીય પ્રભાકર માંગલે આના સંપાદક છે.

# “ દેવરૂખ આશ્રમમાં ગણેશોત્સવ ”



૨૦૦૫ ની સાલથી ભગવાન ગણેશની મૂર્તિ જે અજીતસર તેઓના ઘરમાં, મુંબઈમાં લાવતા હતા તે દેવરૂખ આશ્રમમાં આવવા લાગી. દરવર્ષની જેમ આ વર્ષે પણ મઠ સાથે જોડાયેલા સાધકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક આ ઉત્સવને મનાવ્યો. આ વખતે ઉત્સવની બધી તૈયારી કરવાનો લાભ ગુજરાતથી આવેલા સાધકોને / સ્વામી ભક્તને મળ્યો. તેઓએ આ તક ઉત્સાહ પૂર્વક ઝડપી લીધી. મઠમાં થતી આરતીઓથી આનંદની લહેર ખૂબ જ ઊંચાઈ પર ગઈ હતી. સ્વામીની આરતીઓ સાથે વિઠ્ઠોબા, પાંડુરંગ અને દશાવતારની આરતીઓ ગાવામાં આવી હતી. જેનાથી વાતાવરણ ભાવભીનું થઇ ગયું હતું. મોડક પરિવાર લાડુ અને પેંડા લઈ આવ્યા હતા. ઘણા સાધક જેના ઘરમાં ગણપતિની સ્થાપના કરી હતી તેઓ પણ પ્રસાદ લઈને આવ્યા હતા. ઘણા પ્રકારના પ્રસાદની ભરમાર થઇ ગઈ હતી. આપણો આશ્રમ જે હંમેશા સ્વામીની કૃપા આર્શીવાદ ની અનુભૂતિ કરે છે તે આજે ગણેશ ચેતનાના આર્શીવાદની અનુભૂતિ કરતું હતું. જોતજોતમાં દોઢ દિવસ એવી રીતે વીતી ગયો જાણે કે દિવસોને પાંખો આવી ગઇ હોય. જ્યારે પ્રભુને આવતા વર્ષે ફરી આવવાની વિનંતી કરતા હતા ત્યારે બધા ગદ્‌ગદ્‌ થઇ ગયા હતા અને આંખોમાંથી અશ્રુની ધારાઓ વહેતી હતી. પણ આ વેદના જ્યારે ભગવાનના પાર્થિવ રૂપનું વિર્સજન કર્યું તેની સાથે ધોવાઇ ગઇ હતી.



# ગુરુજી ની આગામી અમેરિકાની યાત્રા

| ક્રમ | તારીખ | સ્થળ | ડીગ્રી |
|---|---|---|---|
| ૧ | ૬ નવેમ્બર | શીકાગો | |
| ૨ | ૭, ૮ નવેમ્બર | નોર્થ ઈસ્ટર્ન યુનિવર્સીટી , શીકાગો | પ્રથમ |
| ૩ | ૧૦,૧૧ નવેમ્બર | બ્લુમીંગડલ સબર્બ, શીકાગો | પ્રથમ |
| ૪ | ૧૩ નવેમ્બર | શીકાગો માં સ્પીરીચ્યુઅલ રીટ્રીટ | |
| ૫ | ૧૪,૧૭ નવેમ્બર | કોન્ફરન્સ ઓફ ફેસ્ટીવલ ઓફ ફેઈથ ઈન લુઈસવીલે, કેન્ટુકી | |
| ૬ | ૧૮ નવેમ્બર | મોબીલ અલાબામા તરફની યાત્રા | |
| ૭ | ૧૯, ૨૦ નવેમ્બર | મોબીલા અલાબામા | પ્રથમ |
| ૮ | ૨૧ નવેમ્બર | શીકાગો તરફ પરત યાત્રા | |
| ૯ | ૨૨ નવેમ્બર | ન્યુ જર્સી તરફ પ્રયાણ | |
| ૧૦ | ૨૪,૨૫ નવેમ્બર | ન્યુ જર્સી | પ્રથમ |
| ૧૧ | ૨૪,૨૫ નવેમ્બર | ન્યુ જર્સી | દ્વિતિય |
| ૧૨ | ૨૬ નવેમ્બર | શીકાગો પાછા આવવું | |
| ૧૩ | ૨૭,૨૮ નવેમ્બર | શીકાગો માં ગુજરાતી સેમીનાર | પ્રથમ |
| ૧૪ | ૨૭,૨૮ નવેમ્બર | બ્લુમીંગડલ સબર્બ, શીકાગો | દ્વિતિય |
| ૧૫ | ૨૯ નવેમ્બર | ઈન્ડિયા તરફ પ્રયાણ | |

“ જો તમારે શરીરને સ્વસ્થ બનાવવું હોય તો પહેલા મનને સ્વસ્થ બનાવો ”

- પ્લેટો

૪૨૭-૩૪૭ બી.સી.

# આશ્રમ જ્ઞાન

***શું દરેકને અહમ્ હોવો જરૂરી છે ?***

આધ્યાત્મિક માર્ગ પર સાધકોને સૌથી વધારે ભય હોય તો તે અહમ્ નો છે. આ યાત્રાની શરૂઆતથી જ દરેકને ચેતવણી આપવામાં આવે છે કે અહમ્ થી બચજો કારણ કે એ સાધનામાં સૌથી ઘાતક અને અવરોધક છે. આ અહમ્ થી બચવાની સંકલ્પના, અહમ્ મારવાની સંકલ્પનામાં પરિવર્તીત થઇ જાય છે. આ બહું જ ટૂંક સમયમાં થાય છે અને સાધકને આનું ભાન રહેતું નથી. અને અહીંથી જ સાધકના જીવનમાં અસમંજસ ચાલું થઇ જાય છે. આવું શું કામ થાય છે ? મોટે ભાગે એનું કારણ એ છે કે સાધક અહંકાર અને અહં વચ્ચેના ઝીણવટ ભર્યા તફાવતને સમજી શકતા નથી. અહમ્ તો મનુષ્યના અસ્તિત્વનો ભાગ છે. અહમ્ એ આત્માનું પ્રગટીકરણ છે. આત્મા નિર્ગુણ નિરાકાર છે. એમાં કોઇ શંકા નથી કે સામાન્ય માણસ માટે આત્માની અનુભૂતિ પાંચ ઇન્દ્રિયો થી પર છે. તો કોઇ તેની અનુભૂતિ કેવી રીતે કરી શકે ? અને જો કોઇ તેના અસ્તિત્વને સમજી જ ન શકે તો દસ ઇન્દ્રિયો (પાંચ જ્ઞાનેન્દ્રીયો અને પાંચ કર્મેન્દ્રીયો) કેવી રીતે જીવનનનો ખેલ ખેલી શકે ? આ સાધકના મનમાં સંભ્રમ પેદા કરે છે. તેને સમજાતું નથી કે જીવનની રમત કેવી રીતે રમવી જોઇએ . અગર કોઇ કાલે તમને કહે કે તમારે શરીર વિના જીવવાનું છે. તો તે કેવી રીતે શક્ય છે ? કોઇ કેવી રીતે શરીરને મારીને પણ જીવતું રહી શકે? અહં એટલો જ મહત્વનો છે જેટલું જીવનની રમત રમવા માટે શરીર. સવાલ અહીં અહંને મારવાનો નહીં પણ તેને કાબુમાં રાખવાનો છે. તેનું નિયંત્રણ કરવાનો છે. આ એના જેવું છે દરેક વ્યક્તિને બ્લડ પ્રેશર અને શુગર હોય છે. જીવન ચલાવવા માટે ૧૨૦/૮૦ બ્લડ પ્રેશર જરૂરી છે. જ્યારે તે ઉપર કે નીચે જાય છે ત્યારે તે બ્લડ પ્રેશરની બિમારી બને છે. આવું જ શુગરનું છે. દરેકના શરીરમાં શુગરનું પ્રમાણ પૂરતું હોવું જોઇએ. જ્યારે તે હદની બહાર જાય છે ત્યારે તેને ડાયાબીટીઝ કહેવામાં આવે છે. દરેકને જીવવા માટે જરૂરી એટલો અહમ્ હોવો જોઇએ. એટલો વધારે નહીં કે જેનાથી મૃત્યુ પ્રાપ્ત થાય.

## રેકી સેમિનારનું સમયપત્રક

| ક્રમ | તારીખ | સ્થળ | માસ્ટર | ડીગ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૬, ૭ ઑક્ટોબર | વડોદરા | સંગીતા / કૃપા | પ્રથમ |
| ૨ | ૬, ૭ ઑક્ટોબર | મુંબઇ | સીમા / માઇ | દ્વિતિય |
| ૩ | ૧૩, ૧૪ ઑક્ટોબર | બેંગ્લોર | સીમાબેન | દ્વિતિય |
| ૪ | ૧૩, ૧૪ ઑક્ટોબર | અમદાવાદ | ભારતીબેન / કૃપા | પ્રથમ |
| ૫ | ૧૫,૧૬ ઑક્ટોબર | બેંગ્લોર | બિન્દીયા | પ્રથમ |
| ૬ | ૨૦,૨૧ ઑક્ટોબર | દેવરૂખ | કલ્પિતા / વિશાલ | પ્રથમ |
| ૭ | ૨૦,૨૧ ઑક્ટોબર | રાજકોટ | સીમા / કૃપા | પ્રથમ |
| ૮ | ૨૭,૨૮ ઑક્ટોબર | નાશીક | સીમાબેન / કલ્પિતા | પ્રથમ |
| ૯ | ૨૭,૨૮ ઑક્ટોબર | થાને | કૃપા / વિશાલ | પ્રથમ |
| ૧૦ | ૩,૪ નવેમ્બર | મુંબઇ | કલ્પિતા / રાકેશ | પ્રથમ |
| ૧૧ | ૩,૪ નવેમ્બર | રાજકોટ | સીમાબેન / માઇ | પ્રથમ |
| ૧૨ | ૩,૪ નવેમ્બર | વડોદરા | કૃપા / વિશાલ | પ્રથમ |